BRAMPTON

Media Release

ત્વરિત જાહેરાત માટે

## સીટી ઓફ બ્રૅમ્પટન સાથે ઉજવો રિક્રિએશન અને સિનિયર્સ મન્થ (મનોરંજન અને વરિષ્ઠ નાગરિક માસ)

બ્રૅમ્પટન, ઓન્ટારિઓ (31 મે 2023) – આખા જુન મહિનામાં પ્રવૃત્તિઓ અને પ્રસંગોની ભરમાર સાથે બ્રૅમ્પટનમાં ઉજવો રિક્રિએશન અને સિનિયર્સ મન્થ.

બ્રૅમ્પટનમાં રિક્રિએશન મન્થમાં ભાગ લઈને સ્વસ્થ પ્રવૃત્તિના લાભ જાણો જેમાં નૅશનલ હેલ્થ એન્ડ ફિટનેસ ડે તેમજ આંતરરાષ્ટ્રીય યોગ દિન સહિત હશે નિઃશુલ્ક પ્રોગ્રામિંગ અને વિશેષ ઈવેન્ટ્સ.

પ્રોગ્રામ્સ અવસરો અને ઈવેન્ટ્સ વિશે વધુ માહિતી માટે અહીં મુલાકાત લો www.brampton.ca/recmonth.

**નૅશનલ હેલ્થ એન્ડ ફિટનેસ ડે**
જુન 3, સવારે 10 - બપોરે 12
ચિંગકુઝી પાર્ક
9050 Bramalea Rd
સવારે 10 - બપોરે 12

**આંતરરાષ્ટ્રિય યોગ દિન**
જુન 21, સાંજે 7 - રાતે 9
Mount Pleasant Square
100 Commuter Dr.

જુનમાં સિનિઅર્સ મન્થની ઉજવણી કરીને, સમાજની વરિષ્ઠ વસ્તીને સીટી ઓફ બ્રૅમ્પટન પ્રવૃત્ત કરીને તેમની કદર કરવાનું ચાલુ રાખી રહ્યું છે.

આખા જુન મહિનામાં 55ની કે વધુ ઉંમરના વયસ્કોને વિશેષ ઈવેન્ટ્સ અને નિઃશુલ્ક પ્રોગ્રામોમાં અમારી સાથે જોડાવાનું નિમંત્રણ છે જેમાં સામેલ છે સ્પ્રિંગફેસ્ટ અને ફાયર સેફ્ટી ઓપન હાઉસ.

**સ્પ્રિંગફેસ્ટ**
જૂન 16
એક્સ્પો, સવારે 10 - બપોરે 12

ભોજન સમારંભ અને ડાન્સ, બપોરે 12 – સાંજે 3
સેંચુરી ગાર્ડન્સ રિક્રિએશન સેંટર (Century Gardens Recreation Centre)
340 Vodden St E.

સ્પ્રિંગફેસ્ટનું ઉદાર હાથે પ્રાયોજન કર્યું છે બાયોપેડ (BioPed), રેવેરા (Revera), ટોરોન્ટો પિઅરસન (Toronto Pearson) અને વાયટા (Vyta) એ.

બ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસ તેમના ઓપન હાઉસ દરમિયાન સિનિઅરોને નિમંત્રણ પાઠવે છે જ્યાં તેઓ ફાયર અને ફૉલ અટકાવવા વિશે જાણકારી મેળવી શકશે, અગ્નિશમન  કર્મચારીઓને મળી શકશે, સામાજિક ભાગિદારો સાથે ગુફ્તગુ કરી શકશે અને સાથે ત્યાં બધા માટે ઈનામો અને લ્હાણીઓ પણ અપાશે.

**ફાયર સ્ટેશન ઓપન હાઉસ**
જુન 21, સવારે 10 - બપોરે 2
Fire Station 207
75 Vodden St. E.,

વધુ જાણકારી માટે, કૉલ કરો 905.458.5580 પર અથવા અહીં ઈમેલ કરો firelife@brampton.ca.

એજ-ફ્રેન્ડલી સ્ટ્રેટજી મારફત સિટી જીવનના તમામ તબક્કાઓમાં રહેલ રહેવાસીઓની અનન્ય જરૂરિયાતો પર પૂર્ણ અને ટકાઉ સમુદાયોની રચના અને વિકાસ મારફત ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.

2022માં ન્યુ હોરાઈઝનનું જે અનુદાન પ્રાપ્ત થયું તેના ભાગ રૂપે સિટી ઓફ બ્રૅમ્પટન દ્વારા સિનિયર્સ રિસોર્સ ડિરેક્ટરી નું લોકાર્પણ કરવામાં આવ્યું. ડિરેક્ટરીનું લક્ષ્ય બટન પર માત્ર ક્લિક કરીને મહત્ત્વના સંસાધનો શોધી આપવાનું છે જેથી લોકોને જરૂરી સેવાઓ શોધવામાં સહાયતા મળે. ડિરેક્ટરીનું વર્ગીકરણ 12 વિષય સંબંધિત થીમ્સમાં થયું છે જેથી વપરાશકર્તાનો અનુભવ બહેતર બની શકે અને નેવિગેશન સરળ બને.

સિનિઅર્સ મન્થ મુલાકાત વિશે વધુ જાણકારી માટે અહીં મુલાકાત લો www.brampton.ca/seniorsmonth.

**સુવાક્યો**

"સિટી ઓફ બ્રૅમ્પટન માટે એક વયસ્ક માટે મૈત્રિપૂર્ણ શહેર બનાવવું તે મહત્ત્વપૂર્ણ અગ્રિમતા છે જ્યાં લોકો વયના દરેક તબક્કે શ્રેષ્ઠ રીતે જીવન ગાળી શકે. વરિષ્ઠોને સમાજની પહોંચ અને સમર્થન પૂરી પાડવાથી તેમને પોતાનું કોઇ હોવાની લાગણી થાય છે. મને રિક્રિએશન અને સિનિયર્સ મન્થ ઉજવવાની ઉત્સુકતા છે જ્યાં બ્રૅમ્પટન ઓફર કરે છે એવા તમામ મનોરંજનલક્ષી અવસરો મેળવી શકાશે અને બ્રૅમ્પટનના વરિષ્ઠ નાગરિકોના યોગદાનની કદર કરી શકાશે.

*- પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ઼ બ્રૅમ્પટન*

"સંપમાં આપણે વધુ મજબૂત બનીએ છીએ અને જ્યારે આપણે રિક્રિએશન પ્રોગ્રામોના માધ્યમથી એકબીજાની અને પોતાની કાળજી લઈએ તેનાથી સમાજના પાયા મજબૂત બને છે. આ જુનમાં જ્યારે આપણે રિક્રિએશન અને સિનિયર્સ મન્થની ઉજવણી કરીશું ત્યારે હું બધાને કેટલાક જબરદસ્ત અને સમાવેશી ગમ્મતભર્યા પ્રોગ્રામોનો લ્હાવો લેવા આમંત્રણ પાઠવું છું જેને માટે અમારી ટીમ્સ પડદા પાછળ ખૂબ મહેનત કરી રહી છે જેથી રહેવાસીઓને લાભ મળી શકે."

*- રોવેના સાન્તોસ, રીજનલ કાઉન્સિલર , વૉર્ડ 1અને 5; પ્રમુખ, કમ્યુનિટી સર્વિસિસ, સિટી ઓફ઼ બ્રૅમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 90,000 કરતા વધુ વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ઼ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફ઼ળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સીટી ઓફ઼ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca